**DATE: 05/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

# પોલીસ સ્ટેશને જાણ નહીં કરતા પગલાં

# હાઈ-વે પર પંકચરની દુકાનો ભાડે આપનાર સામે કાર્યવાહી

| ભરૂચ |

ભરૂચ નજીકથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલ હોટલોના મેદાનોમાં લગભગ ટાયર પંક્ચરની દુકાન હોય જ છે ત્યારે હાલમાં એસઓજી દ્વારા ટાયર પંકચરની દુકાનો અંગે તપાસ કરવામાં આવી હતી જેમાં જણાયુ હતુ કે, હોટલના માલિકોએ તેમના લગત પોલીસ સ્ટેશનમાં જાણ કર્યા વગર ગેરકાયદેસર રીતે ૮ જેટલી પંક્ચરની દુકાનો ભાડે આપી હતી જેથી એસઓજીએ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ અંગે વધુ વિગતે જોતા ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાની સુચના અને માર્ગદર્શન સાથે જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર દ્વારા ભાડા અંગે બહાર પાડેલ જાહેરનામાનો ભંગ થતો હોય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવાની ઝૂંબેશ ઉપાડવામાં આવી હતી. એસઓજી દ્વારા આ ઝૂંબેશના એક ભાગરૂપે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલ વિવિધ હોટલના કમ્પાઉન્ડમાં પંક્ચરનો વ્યવસાય કરતા દુકાનદારોની તપાસ કરતા હોટલના સંચાલકોએ લગત પોલીસ સ્ટેશનને જાણ કર્યા વગર ટાયર પંક્ચર અંગેની દુકાનો ભાડે આપી હોવાના પગલે પોલીસ તંત્ર દ્વારા કાર્યવાહી કરાઈ છે.

**DATE: 05/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### પંજાબી ગેંગના આરોપીઓ નશીલા દ્રવ્યોનું સેવન કરતા હોવાનો ખુલાસો

# ભરૂચ ખાતે પ્રિસ્ક્રિપ્શન વગર નશાકારક ગોળી વેચતા 5 મેડિકલ સ્ટોર સામે તપાસ

## આરોપીઓ એસઈએમડીએક્ષ પ્લસ નામની ટેબલેટનું સેવન ક તા હતા

। ભરૂચ ।

તાજેતરમાં ભરૂચ પંથકમાંથી પસાર થતા વિવિધ પ્રોજેકટમાં અને ખાસ કરીને ગુડ્સ ટ્રેનના પ્રોજેકટમાંથી કેબલ વાયરોની ચોરી કરતા પંજાબી ગેંગના આરોપીઓની તપાસ કરતા જાણકારી પ્રાપ્ત થઈ હતી કે, આરોપીઓ નશીલા દ્રવ્યોનું સેવન કરી ગુનાને અંજામ આપતા હતા. આવી નશીલા દ્રવ્યોની ગોળીઓ તેઓ ડોકટર પ્રિસ્કીપ્સન વગર મેળવતા હોવાનું જાણતા પોલીસે વિવિધ મેડીકલ સ્ટોરનું ચેકીંગ હાથ ધરતાં પાંચ મેડીકલ સ્ટોરમાં પ્રિસ્કીપ્સન વગર વેચાણ થતુ જણાયુ હતુ.

### પ્રિસ્ક્રિપ્શન વગર ટેબલેટનું વેચાણ કરતા સ્ટોર

- ન્યુ મા મેડિકલ સ્ટોર, દહેજ ચોકડી
- ભાવના મેડિકલ એન્ડ જનરલ સ્ટોર, જોલવા
- જયગાયત્રી મેડિલીંક, રહીયાડ
- જયગાયત્રી મેડિસીન્સ, જાગેશ્વર
- ગજાનંદ મેડિકલ સ્ટોર, ભેંસલી

આ અંગે વિગતે જોતા પંજાબી ગેંગના સાગરિતોની તપાસ દરમ્યાન જણાવ્યુ હતુ કે, તેઓ એસઈએમડીએક્ષ પ્લસ નામની ટેબલેટનું સેવન તા હતા. તેઓ ડોકટર પ્રિસ્કીપ્સન વગર ડીકલ સ્ટોર પરથી આ ટેબલેટ મેળવતા હતા. તેથી ફુડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓ સાથે રાખીને એલસીબીની ટીમ તેમજ પીઆઈ આનંદ ચૌધરી એસઓજી અને તેમની ટીમ દ્વારા દહેજ પંથકમાં આવેલ વિવિધ મેડીકલ સ્ટોરોનું ચેકીંગ કરવામાં આવ્યુ હતુ. જેમાં કેટલીક દુકાનોમાં ડોકટરના પ્રિસ્કીપ્સન વગર ન અપાય તેવી ટેબલેટ આપવામાં આવી હતી જે માટે પોલીસે ડમી ગ્રાહકો દુકાન પર મોકલી ખાત્રી કરી હતી. આ અંગે હજી વધુ દરોડા પાડવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે.

**DATE: 05/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંક્લેશ્વર હાઇવે પર કૌભાંડ ઝડપાયું હતું

# ટેન્કરમાંથી એસિડની ચોરીના કેસમાં દોઢ વર્ષે વધુ એક ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસે ગત 12 એપ્રિલ 2022 ના રોજ લક્ષ્મી વજન કાંટા ની બાજુમાં પતરાના શેડ માં ફેટ્ટી એસિડની ચોરીનું કૌભાંડ ઝડપી પાડ્યું હતું.

એલસીબી પોલીસે ટેન્કર માંથી ફેટ્ટી એસિડ ની ચોરી કરીને પતરાના ડબ્બામાં એસિડ ભરતા રાજસ્થાન ના હેરારામ લખીમાં રામ ચૌધરી તેમજ મૂળ રાજસ્થાનના અને હાલ લક્ષ્મી વજન કાંટા ખાતે રહેતા જીતેન્દ્ર કુમાર રતિલાલ પ્રજાપતિ ને રંગે હાથે ઝડપી લીધા હતા, જ્યારે આ ફેટ્ટી એસિડ ચોરીની ઘટનાને અંજામ આપનાર મુખ્ય સૂત્રધાર દિનેશ પુરોહિત ને જે તે વખતે વોન્ટેડ જાહેર કર્યો હતો. દરમિયાન દોઢ વર્ષે બાદ તાજેતરમાં સુરત પોલીસ દ્વારા માંગરોળ સુરત ના ભાવેશ ભીખુ રબારી ની ધરપકડ કરી હતી જેની પૂછપરછ માં સૂત્રધાર દિનેશ પુરોહિત ના મિત્ર હોવા ની સાથે સાથે 41.23 લાખ ના ફેટ્ટી એસિડ જથ્થા ચોરી કૌભાંડ ની કબૂલાત કરી હતી.

**DATE: 05/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# વાગરામાં જુગાર રમતાં ચાર જણાં ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકાના ખોજબલ ગામના કબ્રસ્તાન પાસે મોબાઈલની ટોર્ચની લાઈટમાં જુગાર રમતાં સહેજાદ યુસફ રાજ, સમીર નસરૂલ્લાહ રાજ, ફ્યાઝ ઈસ્માઈલ વ્હોરા તેમજ જમાલુદ્દીન ગ્યાસુદ્દીન રાજને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. જ્યારે અવિનાશ વસાવા, જયેશ વસાવા તથા મુબારક રાજ નાસી છુટ્યાં હતાં. ટીમે સ્થળ પરથી રોકડાં 10 હજાર સહિત 26 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 06/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## પોલીસે રોકડાં રૂપિયા 11,500 જપ્ત કર્યા

# પાનોલીના નહેર પાસે જુગાર રમતા પાંચ જુગારી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી ની વિસ કોલોની ખાતે નહેર પાસે જુગાર રમતા 5 જુગારી ને પાનોલી પોલીસે એ રંગે હાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે અંગઝડતી અને દાવ પર લાગેલા રોકડ રૂપિયા 11.500 જપ્ત કરી જુગારીઓની ધરપકડ કરી હતી.

પાનોલી પોલીસ મથકના પી.એસ.આઈ. એમ.એચ વાઢેર તેમજ સ્ટાફ પાનોલી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી. કે વિસ કોલોની ખાતે શ્રાવણીયો જુગાર રમાઈ રહ્યો છે. જે આધારે પોલીસે દરોડા પાડ્યા હતા જ્યાં નહેર પાસે જુગાર રમતા પાનોલી ના અરવિંદ વસાવા, રાકેશ વસાવા ,દિલીપ વસાવા રણજીત વસાવા અને હાંસોટ નવીનગરી ખાતે રહેતા દલસુખ વસાવા ને રંગે હાથ ઝડપી પાડયા હતા પોલીસે દાવ પર લાગેલા 3650 રૂપિયા રોકડા અને અંગ ઝડતી માંથી 7850 રૂપિયા મળી કુલ 11.500 રૂપિયા રોકડા જપ્ત કરી તમામ જુગારી ની જુગારધારા હેઠળ ધરપકડ કરી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 06/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ક્રિકેટ ગ્રાઉન્ડમાં મહેફિલ જામી હતી

# માતર ગામે શ્રાવણિયો જુગાર રમતાં 4 ઝડપાયાં, પાંચ ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ તાલુકામાં આવેલાં માતર ગામની સીએચસી હોસ્પિટલની બાજુમાં આવેલાં ક્રિકેટ ગ્રાઉન્ડમાં કેટલાંક શખ્સોએ શ્રાવણિયા જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી વાગરા પોલીસને મળી હતી.

જેન પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઇ હતી. જે પૈકીન યોગેશ ગોવિંધ પરમાર, દશરથ બભુ પરમાર, સુરેશ વજેસંગ પરમાર, સુનિલ અનિલ પરમારને ટીમે ઝડપી પાડ્યાં હતાં. જ્યારે ઉસ્માન ઈસફ પટેલ, વિક્રમ વશરામ રબારી, ગિરીશ સોમજી વસાવા, સફવાન મહેબુબ દિવાન તેમજ અક્ષય કનુ પાટણવાડિયા પોલીસને ચકમો આપી ત્યાંથી નાસી છુટ્યો હતો. ટીમે સ્થળ પરથી દાવ પર લાગેલાં તમજ અંગઝડતીના રોકડા મળી કુલ 11,700 જપ્ત કર્યાં હતાં. બનાવ સંદર્ભે આમોદ પોલીસે તમામ વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

**DATE: 06/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 181 ની મદદ માગી : ટીમે પહોંચી પતિ અને સાસરી પક્ષને સમજાવી સમાધાન કરાવ્યું

# અંકલેશ્વરમાં પતિ બાહ્ય સંબંધ રાખતાં પત્નીએ રોકતાં ઘરમાંથી કાઢવાની ધમકી

ભાસ્કર ન્યૂઝ । અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના એક ગામમાં રહેતાં નીલમ ( નામ બદલ્યું છે) ના ચાર મહિના પહેલા જ પ્રેમ લગ્ન કરીને પોતાની સાસરીમાં રહેવા આવ્યા હતાં.

રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે નીલમના પતિએ માનેલી બહેન રાખડી બાંધવા માટે ઘરે આવી હતી.આ બહેને મારી એક ફ્રેન્ડ તારો નંબર માંગે છે તેમ કહી તેનો સંપર્ક કરાવી આપ્યો હતો.આ વાતની જાણ નીલમને થતાં તેણે તેના પતિને લગ્નેતર સંબંધ નહિ રાખવાની વાત કરી હતી. જેથી અચાનક ઉશ્કેરાઈ ગયેલા નીલમના પતિએ તેની સાથે તકરાર કરી અપશબ્દો બોલ્યા હતા.આ સમયે તેના સાસુ સસરાએ પણ નીલમનો સાથ નહિ આપી ને પુત્ર તરફી બોલી ઘરની બહાર કાઢી મૂકી પિયરમાં મોકલી આપવાની ધમકી આપી હતી. આ અંગે મુંઝવણમાં મુકાયેલી નીલમે 181 મહિલા હેલ્પ લાઈન પાસે કોલ કરીને મદદ માંગી હતી.કોલ મળતા જ 181 ની રેસ્કયુ ટીમ અને સી ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી નીલમનું કાઉન્સિલિંગ કરી સમગ્ર માહિતી મેળવી હતી.ત્યાર બાદ ટીમ નીલમના પતિ અને સાસુ સસરાને આવી રીતે ધમકી નહિ આપવા અને વહુ ને તેમની પુત્રી માનવા સમજાવ્યા હતાં.જ્યારે તેના પતિને પત્ની હયાતીમાં બીજી મહિલા સાથે લગ્નેતર સંબંધો

રાખવા માટે કાયદાકીય ગુનો બનતો હોય છે.જેથી હવે બીજી વખત આવો બનાવ ન બને તે માટે સમજાવતા સાસરી પક્ષ તરફથી બાંહેધરી આપતા ટીમ પતિ-પત્ની અને સાસરી પક્ષ સુખદ સમાધાન કરાવ્યું હતું.

**DATE: 06/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સહયોગ હોટલ પાર્કિંગમાં 20 લાખનો દારૂ પકડાયો હતો

# અંકલેશ્વરમાં 3 મહિનાથી વોન્ટેડ ઓલપાડનો બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ ચોપડે 3 મહિના થી વોન્ટેડ ઓલપાડ નો બૂટલેગર ઝડપી પાડ્યો હતો.

સહયોગ હોટલ પાર્કિંગ માં વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ટ્રક પોલીસે ઝડપી પાડી હતી. જે ટ્રકના ડ્રાઈવર ની પૂછપરછ તે રાજસ્થાન ના ભીલવાડા નો બાબુસિંહ ગુલાબસિંહ રાવત અને ક્લિનર સુંવાલાલ છોગાજી ગુર્જર હોવાનું જણાવ્યું હતું. બી ડિવિઝન પોલીસે કન્ટેનર નો દરવાજો ખોલી અંદર તપાસ કરતા ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો ,પોલીસે બંનેની ધરપકડ કરી કન્ટેનર માંથી રૂપિયા 14.35 લાખ હજારની કિંમતનો ઈંગ્લીશ દારૂની બોટલ અને બિયર ના ટીન મળી 15354 નંગ બોટલ અને 6 લાખની કન્ટેનર ટ્રક અને બે નંગ મોબાઈલ મળી કુલ રૂપિયા 20.43 લાખનો મુદ્દામાલ કબ્જે કરી ઈંગ્લીશ દારૂનો જથ્થો આપનાર સુરત ના ઓમપ્રકાશ નામનો શખ્સ અને જથ્થો મંગાવનાર શખ્સ ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં 3 મહિના પૂર્વે ઝડપાયેલા આરોપી એ મુકેશ રોશનલાલ મેવાડા દારૂ પ્રકરણ માં સંડોવણી હોવાની કબૂલાત કરી હતી. દરમિયાનમાં માહિતી મળી હતી કે ઓલપાડ સુન્દરમ્ વિલા ખાતે આવ્યો છે. જેથી ટીમ એ ઓલપાડ ખાતે થી મુકેશ રોશનલાલ મેવાડા આબાદ ઝડપી પાડ્યો હતો અને અંકલેશ્વર લઇ આવી હતી

**DATE: 06/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### ખેડૂતો સાથે કરાતી છેતરપિંડીના કાવતરાનો ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો

# અંકલેશ્વરમાં ગોડાઉનમાંથી નકલી જંતુનાશક દવા ઝડપાઈ

## રૂા.૮.૫૩ લાખના મુદ્દામાલ સાથે BE કેમિકલ એન્જિનિયરની ધરપકડ કરાઈ

| અંકલેશ્વર |

અંકલેશ્વર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલ સુદામા એસ્ટેટમાં ડુપ્લીકેટ ખેતીવાડીની જંતુનાશક દવાઓનું ગોડાઉન પકડી કુલ કી.રૂ. ૮.૫૩ લાખના મુદ્દામાલ સાથે એક ઈસમને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયો હતો.

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર ઉત્સવ બારોટને મળેલી બાતમીના આધારે ટીમ દ્વારા અંકલેશ્વર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં પેટ્રોલીંગ સમયે બાતમી મળી હતીકે દઢાલ ગામની સીમમાં આવેલ સુદામા એસ્ટેટમાં આવેલ પ્લોટ નં-એલ-૧૫માં આવેલ એસ્ટ્રો કેમ ફાર્મા બીલ્ડીંગમાં આવેલ ગોડાઉનમાં કેમીકલ એન્જીનીયર નયન પીરૂભાઈ ઉમરેઠીયા ગેરકાયદેસર રીતે વિવિધ કંપનીઓનું રજીસ્ટ્રેશન કરાવડાવ્યા વગર જંતુનાશક દવા બનાવી, ઈલેક્ટ્રોનિક મશીન વડે પેકીંગ કરી, કંપનીના લેબલ મારી જાતે સીલકરે છે અને જે તેના ગોડાઉનમાં હાલ કામ ચાલુ છે.

બાતમીના આધારે ટીમના માણસો સાથે રેઈડ કરવામાં આવી હતી. દરોડામાં ગોડાઉનમાંથી અલગ- અલગ ઈલેક્ટ્રોનિક મશીન તથા અલગ-અલગ જંતુનાશક દવાઓના બોટલ તથા પ્લાસ્ટીકની થેલીમાં જંતુનાશક દવાઓ બનાવવાનું કેમિકલ તથા અલગ-અલગ કંપનીના સ્ટીકરો મળી આવ્યા હતા. પોલીસ રૂા.૮.૫૩ લાખના મુદ્દામાલ સાથે નયન પીરૂભાઈ ઉમરેઠીયા ઉ.વ.૨૭ રહે અંકલેશ્વર, મુળ રહે મોટા વડાળાજી-જામનગર નાને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી આગળની તપાસ અર્થે અંકલેશ્વર રૂરલ પો.સ્ટે.મા સોંપવામા આવેલ છે.

ધરપકડ કરાવેલ નયનભાઈ પીરૂભાઈ ઉમરેઠીયા BE



કેમીકલ એન્જીનીયર છે. કેમીકલ, પેસ્ટીસાઈઝ દવાઓથી માહીતગાર હોય જે પોતાની રીતે અલગ-અલગ પેસ્ટીસાઈઝ દવાઓ તથા પાવડરનું રો મીરીયલ અલગ-અલગ જગ્યાએથી ખરીદી કરી ઉપરોક્ત પકડાયેલ મશીનો વડે પોતાના અનુભવથી ખોટી એગ્રીકલ્ચર પ્રોડકટ બનાવી લીકવીડ બોટલમાં ફીલીંગ કરી તથા પાવડર પાઉચમાં પેકીંગ કરતો હતા. અને અલગ-અલગ કંપનીઓના સ્ટીકરો લગાવી જેની પર ખોટા બેચ નંબર તથા તારીખ તથા પ્રિન્ટ કીમત છાપી બજારમાં ખેડુતોને તથા એજન્સીઓમાં વેચાણ કરતો હતો. આ ગુનાનો ભેદ ઉકેલવામાં પો.સ.ઈ. આર. કે.ટોરાણીએ ટીમવર્કથી કામગીરી કરી હતી.

અકલેશ્વર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ઘણી બંધ કંપનીઓ અને ગોડાઉનમાં ગેરકાયદેસર ચીજવસ્તુનું ઉત્પાદન થતુ હોવાની બાતમી મેળવી કાયદેસર કાર્યવાહી કરવા જણાવવામાં આવતા પોલીસની ટુકડીઓ એલર્ટ બની છે.

**બનાવટી જંતુનાશક દવાઓ પાવડર અને બોટલમાંથી મળી**

આ અંગે અંકલેશ્વરના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ એ જણાવ્યુ હતું કે લોકલ ક્રાઈમ બ્રાન્ચ ભરૂચ અને જિલ્લા પોલીસ અધિક્ષકની સુચના અને માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ કાર્યવાહી થઈ છે અને જે મુદ્દામાલ ઝડપાયો છે એ ખરેખર ચોકાવનારી બાબત છે. પેસ્ટીસાઈડ ઓફિસર અમિત પટેલે પણ જે રીતે પાવડર ફોર્મ અને બોટલમાં ,બનાવટી જંતુનાશક દવાઓ પકડી છે એ અંગે વધુ તપાસ ચાલુ છે અને ઇન્ડિયન પીનલ કોડ અંતર્ગત આગામી દિવસોમાં આ અંગે વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવશે

**DATE: 06/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# તહેવારોને અનુલક્ષીને નેત્રંગ પોલીસે શાંતિ સમિતિની બેઠક યોજી

નેત્રંગ. તા,૫

નેત્રંગ પોલીસ થકી આગામી આવતા તહેવારોને અનુલક્ષીને શાંતિસમિતિની બેઠક પોલીસ સ્ટેશન ખાતે યોજવામા આવી હતી.

## ઉત્સવોની ઉજવણીને લઈ પોલીસ પરવાનગી લેવી જરૂરી

નેત્રંગ પોલીસ સ્ટેશન ખાતે નવા મુકાયેલ પીએસઆઇ ની અધ્યક્ષતામા તા.૨ ઓગસ્ટે સાંજના ૫.૩૦ કલાકે બેઠક યોજાય હતી.જેમા સપ્ટેમ્બર,ઓકટોબર માસ દરમિયાન આવી રહેલા તહેવારો જેવાકે જન્માષ્ટમી, ગણપતિ ઉત્સવ, ઈદની ઉજવણી શાંતિમય વાતાવરણ તેમજ કોમી એક્તાના ભાઈચારામા પોલીસ સ્ટેશન વિસ્તારમા કોઈ પણ જાતનો અનિછનીય બનાવ ન બને તે રીતે તમામ તહેવારોની ઉજવણી કરે તેને અનુલક્ષી આ શાંતિસમિતિ બેઠક બોલાવી હતી. તહેવારોની ઉજવણી માટે પોલીસ પરવાનગી તમામ લોકોએ લેવી જરૂરી છે. તેનુ પીએસઆઇ દ્વારા જણાવાયુ હતુ.

**DATE: 06/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# નેત્રંગની મોવી ચોકડી અને ચંદવાણા ગામ પાસે વાહનમાંથી દારૂ ઝડપાયો

નેત્રંગ. તા.૪

નેત્રંગ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પ્રોબિબિશસના ગુનાની વોચમાં હતા.તે સમયે મોવી ચોકડી વિસ્તારમાં વાહન ચેકિંગની કામગીરી હાથ ધરી હતી.તે દરમિયાન બાતમીના આધારે દેડિયાપાડા તરફથી બે શખ્સો એક્ટિવા પર વિદેશી દારૂનો જથ્થો લઈને આવી રહ્યા હતા.

## ટુ વ્હીલર પર દારૂની ખેપ મારનાર બે શખ્સ ફરાર

રાતના સમયે એક્ટિવા દેડિયાપાડા તરફ આવતુ દેખાતા પોલીસે ચાલકને ઈશારો કરી ઉભી રાખવા ઈશારો કર્યો હતો.પરંતુ પોલીસને થોડે દૂર જોઈ એક્ટિવા છોડી બંને શખ્સો અંધારામાં ખેતરોમાં ભાગી ગયા હતા.પોલીસે એક્ટિવા પાસે જઈ જોતા બે કોથળામાં વિદેશી દારૂના ક્વાટરી રૂ.૩૮,૪૦૦ નો જથ્થો અને કુલ મુદ્દામાલ રૂ.૪૦ હજાર જપ્ત કર્યો હતો.

બીજા બનાવમાં નેત્રંગ - દેડિયાપાડા માર્ગ પર ચંદવાણ ગામના પાટિયા પાસે બાતમીના આધારે વોચ ગોઠવી એક સ્કૂટરની ડીકીમાં ચાલકે વિદેશી દારૂનો જથ્થો લઈ દેડિયાપાડા તરફ જતો હતો.પોલીસે સ્કૂટરની ડીકી ખોલતા રૂ.૪૮૦નો દારૂ ઝડપાયો હતો. ચાલક રવિન્દ્ર મનસુખ વસાવા (રહે મોટા ભાટપુર તા. દેડિયાપાડા જિ.નર્મદા હાલ રહે ખરચ સુભાષ ફળિયું તા. હાંસોટ હતા.નેત્રંગ પોલીસે બે સ્થળ પરથી કુલ રૂ. ૩૮,૮૮૦ નો દારૂ ઝડપી પાડ્યો હતો. જ્યારે ફરાર બે શખ્સોને ઝડપી લેવા કવાટત હાથ ધરી હતી.

**DATE: 06/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વરમાં પ્રોહિબિશન એક્ટના ગુનામાં સંડોવાયેલો આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા.૫

અંકલેશ્વર તાલુકા પોલીસે પ્રોહિબિશન એક્ટના ગુનામાં સંડોવાયેલા આરોપીને નવજીવન હોટલ પાસેથી ઝડપી પાડ્યો હતો.

ગત તા.૨૯મી જુલાઈના રોજ અંકલેશ્વર તાલુકા પોલીસે દઢાલ ગામના બસ સ્ટેશન પાસે વાહન ચેકિંગ દરમિયાન રિક્ષામાંથી રૂ. ૩૫હજારનો વિદેશી દારૂ અને રિક્ષા મળી કુલ રૂ.૭૦ હજારનો મુદામાલ કબ્જે કરી રિક્ષા ચાલકને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી હતી.

દરમિયાન તાલુકા પોલીસે આ પ્રોહિબિશન એક્ટના ગુનામાં સંડોવાયેલા અંસાર માર્કેટ સ્થિત નવજીવન હોટલ પાસે રહેતો નૂરઆલમ જ્માનઉદ્દીન સિદ્દીકીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 06/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### બન્ને જીઆઇડીસીમાં પોલીસ દ્વારા ઓચિંતું ચેકિંગ હાથ ધરાયું

# અંકલેશ્વર-પાનોલીની 62 કંપનીને કામદારોની નોંધણી ન કરતાં નોટિસ

## કામદાર વેરિફિકેશન માટે જાગૃત કરવા 35 કંપની સાથે બેઠક યોજી

અંકલેશ્વર જીઆઈડીસી તેમજ પાનોલી પોલીસ દ્વારા બન્ને એસ્ટેટમાં આવેલા તમામ ઉદ્યોગોને કંપનીમાં કોન્ટ્રાક્ટર તથા કામદારોનું પોલીસ વેરિફિકેશન કરવા તાકીદ કરી છે.

અંકલેશ્વર જીઆઈડીસી ઈન્ચાર્જ આઈ.પી.એસ લોકેશ યાદવ તેમજ પી.આઈ. બી એન. સગર સાથે અલગ અલગ ટીમ બનાવી જીઆઈડીસીમાં વિવિધ કંપનીમાં વેરિફિકેશન લઈ સરપ્રાઈઝ ચેકિંગ શરૂ કર્યું હતું. જેમાં પ્રાથમિક 62 કંપની દ્વારા માહિતી આપી ના હોવાનું સામે આવતા પોલીસ દ્વારા તેમને નોટિસ પાઠવી હતી. તેમજ ત્વરિત અસરથી માહિતી આપવા માટે સ્પષ્ટ હિદાયત આપી હતી.

કંપનીમાં કામ કરતા તમામ કામદારોના આધારકાર્ડ, તેમના ફોટા સહિતના આઈડી પ્રુફ તેમજ જો અન્ય જિલ્લા અથવા રાજ્યમાંથી આવ્યા હોય તો તે તેમની સામે કોઈ ગુના નોંધાયા છે કે કેમ તે અંગે પોલીસ વેરિફિકેશન સહિતની વિગતો મેળવી ઓનલાઈન તેમજ પત્રક તૈયાર કરવા તાકીદ કરી છે. આ વિગતો જો નિર્ધારિત સમય મર્યાદામાં ઉદ્યોગો નહિ આપે તો તેમની સામે પણ કાર્યવાહી પોલીસ દ્વારા થઈ શકે છે.

આ ઉપરાંત ઇન્ચાર્જ આઇ. પી. એસ. લોકેશ યાદવની અધ્યક્ષતામાં પોલીસ મથકે બેઠક યોજવામાં આવી હતી. જેમાં કંપનીના એચ. આર વિભાગના અધિકારીઓને માહિતી આપવી કેમ જરૂરી છે. તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.



### કામદારોની નોંધણી માટે એપ્લિકેશન બનાવી છે

અંકલેશ્વર ઉદ્યોગ મંડળોને ઉદ્યોગોને સૂચના આપવામાં આવી છે. કંપની કામ કરતા કામદારોના ડેટા તૈયાર કરી સંબંધિત પોલીસ મથકમાં જમા કરવા માટે પણ તાકીદ કરાઈ છે. આ અંગે અંકલેશ્વર ખાતે હાર્ડ તેમજ ઓનલાઈન એપ્સ વડે ડેટા તૈયાર કરવા એપ્લિકેશન તૈયાર કરાઈ છે. ગુના ખોરી અટકાવવા, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે દિશામાં કામગીરી કરાઈ રહી છે. » ચિરાગ દેસાઈ. ડી.વાય.એસ. પી. અંકલેશ્વર

**DATE: 06/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### સ્ટેશન રોડવિસ્તારમાં હંગામી દુકાનો બંધાવાની શરૂઆત

# ભરૂચ શહેર-પંથકમાં આજથી ભાતીગળ મેળાઓની શરૂઆત

### સાતમથી દશમ સુધી ટ્રાફિકને ડાયવર્ઝન આપવામાં આવ્યું

| ભરૂચ |

સમગ્ર ગુજરાત રાજ્યમાં જે મેળાની નોંધ લેવાઈ છે તે ભરૂચનાં મેઘરાજા અને છડીનોમના મેળાની શરૂઆત આજથી એટલે કે સાતમથી તા.૬ સપ્ટેમ્બરના રોજથી શરૂ થનાર છે ત્યારે એક સમયે માત્ર સોનેરી મહેલ પુરતો સિમિત રહેતો મેળો હાલ નગરના વિવિધ વિસ્તારોમાં પણ ફેલાઈ ચુક્યો છે ત્યારે આ દિવસોમાં ભરૂચના સ્ટેશન રોડથી માંડીને ભારતી ટોકીઝ સુધી તેમજ સોનેરી મહેલના ઢોળાવ પર વેપારીઓએ પોતાની હંગામી દુકાનો બાંધવાની શરૂઆત કરી દીધી છે.

આ ભાગીતળ મેળામાં રમકડા અને ખાદ્યસામગ્રી ઉપરાંત ભરૂચ અને નર્મદા જિલ્લા તેમજ મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના નાના મોટા વેપારીઓ પોતાના ધંધા અર્થે આ મેળામાં દુકાનો ઉભી કરતા હોય છે. ખાસ કરીને વાંસની વિવિધ કલાત્મક બનાવટો આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરે છે ત્યારે ધાતુના વાસણોના વેપારીઓ પણ આ મેળામાં પોતાના સ્ટોલ ઉભા કરી રહ્યા છે. આવા ભાગીતળ મેળાની તૈયારી માટે તંત્ર દ્વારા આગોતરૂ આયોજન કરવામાં આવ્યુ હતુ. જે મુજબ સાતમથી દશમ સુધી મેળાના અનુસંધાને ટ્રાફીકને ડાયવર્ઝન આપવામાં આવ્યુ છે. એટલુ જ નહી પરંતુ આ મેળામાં વાહનોની અવરજવરને કોઈ રૂકાવટ ન થાય તે માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ભરૂચ જિલ્લાના પોલીસ તંત્રના વડા મયુર ચાવડાના જણાવ્યા અનુસાર મેળાના દિવસો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

## સમગ્ર ગુજરાતમાં મેઘરાજાનું આકર્ષણ

વરસાદના દેવ એવા મેઘરાજાની સ્થાપના માત્ર અને માત્ર ભરૂચ ખાતે કરવામાં આવે છે તેથી મેઘરાજાનું આકર્ષણ સમગ્ર ગુજરાતમાં છે. આવા સમયે મેઘરાજાના દર્શન અર્થે ભરૂચ જિલ્લા અને જિલ્લા બહારના લોકો આવતા હોવાના પગલે લોકો મેઘરાજાના દર્શન કરી મેળામાં મહાલતા હોય છે. મેઘરાજાને ભેટવાથી બાળકની તંદુરસ્તી જળવાય છે.

## સમસ્ત ભોઈ સમાજ દ્વારા છડીનોમના પર્વનું આયોજન

ભરૂચ પંથકમાં સમસ્ત ભોઈ સમાજ દ્વારા છડીનોમના પર્વની ઉજવણી કરવામાં આવે છે. આ પર્વમાં ખુબ ઉત્સાહ સાથે યુવાનો છડી ઝુલાવતા હોય છે આ ઉપરાંત વેજલપુર ખારવા માછી સમાજ અને વાલ્મિક સમાજ દ્વારા પણ છડી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આમ ભરૂચમાં ત્રણ છડી મહોત્સવનું આયોજન થતુ હોય છે

**DATE: 06/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

દિવ્ય ભાસ્કર, ભરૂચ, બુધવાર, 6 સપ્ટેમ્બર, 2023

### અશોક મારવાડીએ છેલ્લા 9 વર્ષમાં દક્ષિણ ગુજરાતથી લઇ મધ્ય ગુજરાત સુધી નેટવર્ક ઊભું કર્યું

# પ્રોહિબિશનના 26 ગુનામાં સંડોવાયેલો અને 7 ગુનામાં વોન્ટેડ અશોક મારવાડી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા જિલ્લામાં લિસ્ટેડ લીકર કિંગને ઝડપી પાડવા આપેલી સૂચના આધારે ભરૂચ એલસીબી પી.આઈ. ઉત્સવ બારોટ ના માર્ગદર્શન હેઠળ હ્યુમન સોર્સ તેમજ ટેક્નિકલ સર્વેલન્સ શરૂ કર્યું હતું.
જેમાં ચોક્કસ માહિતી મળી હતી કે ભરૂચ જિલ્લાના 3 ગુનામાં વોન્ટેડ કુખ્યાત બુટલેગર અશોક ઉર્ફે મારવાડી કેસરીમલ માલી સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મોસાલી ચોકડી ખાતે લક્ઝરીયસ એસ.યુ.વી કાર સાથે ઉભો હોવાની ચોક્કસ માહિતી મળી હતી જે આધારે એલ.સી.બી પી.એસ.આઈ. પી.એમ. વાળા તેમજ ટીમ મોસાલી ચોકડી ખાતે રવાના થઇ હતી જ્યાં માહિતી આધારે બ્લેક કલરની એસ.યુ.વી કારમાં બેઠેલા અશોક મારવાડી આબાદ ઝડપી પાડ્યો હતો. પોલીસ તેને અંકલેશ્વર ખાતે લઇ આવી હતી. તેની પ્રાથમિક પૂછપરછમાં નર્મદા જિલ્લાના દેડિયાપાડા પોલીસ સ્ટેશન માં તેમજ સુરત ના કોસંબા ના એક અને કડોદરા ના 2 મળી 3 ગુના માં તેમજ ભરૂચ જિલ્લાના નેત્રંગ, વાલિયા, અને અંકલેશ્વર જીઆઇડીસીના 3 ગુના માં વોન્ટેડ હોવાની કબૂલાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે. કે દક્ષિણ ગુજરાતમાં ભરૂચ, નવસારી, વલસાડ અને સુરત જિલ્લામાં અગાઉ 26 ગુના નોંધાયા છે. અને ઈંગ્લિશ દારૂ ના વેચાણ માં છેલ્લા 9 વર્ષ થી સક્રિય બની ઈંગ્લીશ દારૂની સપ્લાય કરી રહ્યો હતો. અગાઉ 3 વખત પાસા માં જઈ આવ્યો હતો. અને હાલ સુરત, વલસાડ, નર્મદા અને ભરૂચ જિલ્લામાં હાલ ઈંગ્લીશ દારૂ નો વેપલો ચલાવી રહ્યો છે. મૂળ નેત્રંગના કંબોડીયા ગામનો અશોક ઉર્ફે મારવાડી કેસરીમલ માલી હાલ માંગરોળ ખાતે ગુરૂજી નગર સોસાયટીમાં રહી પોતાનું આખું નેટવર્ક ઓપરેટ કરી રહ્યો હતો.



**DATE: 07/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરના હાઇવે પર ઘટના બની હતી

# ચોરીના ટેમ્પોમાં દારૂ હેરાફેરી કરનારો ઓલપાડથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પાસેના નેશનલ હાઈવે નંબર 48 પર ગત 1 સપ્ટેમ્બરના રોજ એક ટેમ્પો તાપી હોટલ પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે અરસામાં ટેમ્પાના માલિકના ઓળખીતા મોહમદ પરવેઝ ટેમ્પો અટકાવીને ટેમ્પો ચાલકને આ ટેમ્પો ચોરીનો છે તેમ જણાવ્યું હતું. જોકે સુરત અમરોલીના કોસાડના ટેમ્પો ચાલક રોહિત એકનાથ પડિએ પોતે પોલીસ માણસ હોવાની પોતાની ઓળખ આપી હતી પરંતુ મામલો વધુ પેચીદો બનતા રોહિત પડિ મોહંમદ પરવેઝ અને તેમના અન્ય સાથી નજર ચૂકવીને ટેમ્પો મૂકી ફરાર થઇ ગયો હતો. ટેમ્પામાં તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. જેના પગલે ફરાર રોહિત પડિને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતાં. દરમિયાનમાં સુરતના અમરોલીના કોસાડ આવાસ ખાતેથી રોહિત પડિને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની ધરપકડ કરતા તેનું સાચું નામ રોહિત ઉર્ફે રાજા કૈલાશ પડિ હોવાનું તેમજ તે રીક્ષા ચાલક હોવાની વિગતો સામે આવી છે.

**DATE: 07/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## પીએસઆઇ સસ્પેન્ડ થયા બાદ પોલીસ દોડતી થઇ

# દુ.વાઘપુરા ગામેથી મહિલાના ઘરે સંતાડેલો વિદેશી દારૂ જપ્ત

ભાસ્કર ન્યૂઝ ઝઘડિયા

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા થોડા દિવસ અગાઉ ઝઘડિયા તાલુકાના રાજપારડી ગામેથી ૭૩ હજારની કિંમતનો ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધા બાદ ભરૂચ જિલ્લા પોલીસ વડા દ્વારા રાજપારડીના તત્કાલીન પીએસઆઈને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાયા હતાં. ત્યારબાદ તાલુકાની સ્થાનિક પોલીસે પણ પોતાના વિસ્તારમાં થતાં દારૂ જુગારના દૂષણને ઝડપી લેવા કવાયત હાથ ધરતા હાલ તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી દારૂ જુગારના કેસો બહાર આવી રહ્યા છે. ઉમલ્લા પોલીસમાંથી મળતી વિગતો અનુસાર દુ.વાઘપુરા ગામે ખડકી ફળિયામાં રહેતો કલ્પેશ રમેશ વસાવા તેના ઘરની બાજુમાં રહેતી કરિશ્માબેન વસાવાના ઘરમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડીને ચોરી છુપીથી તેનું વેચાણ કરતો હોવાની પોલીસને બાતમી મળી હતી. પોલીસે કલ્પેશના ઘરે રેડ કરતા તે પોલીસને જોઈને અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યો હતો. જ્યારે તેના ઘરની બાજુમાં કરીશ્માબેન વસાવાના રહેણાંક ઘરમાં પોલીસે તપાસ કરતા આ મહિલા ત્યાં હાજર મળી આવી હતી. પોલીસે તપાસ કરતા ઘરમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 15 હજારની કિંમતની નાની મોટી 126 નંગ બોટલો મળી આવી હતી. પોલીસે આ ગુના હેઠળ સદર મહિલા અને કલ્પેશ વસાવા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

**DATE: 07/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ગુડ્સ ટ્રેનના ટ્રેકમાંથી પ્લેટની થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

# ભરૂચ SOGએ ૩ આરોપીને મુદ્દામાલ સાથે દબોચી લીધા

| ભરૂચ |

ભરૂચ જિલ્લામાં નવનિર્મિત ગુડ્સ ટ્રેકમાંથી ટર્નઆઉટ પ્લેટની થયેલ ચોરી અંગે એસઓજીએ ત્રણ આરોપીઓની મુદ્દામાલ સાથે અટક કરી હતી.

આ અંગે વિગતે જોતા ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાની સુચના અનુસાર ભરૂચની એસઓજી ટીમે ભરૂચ ડીવીઝન વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી ત્યારે મળેલ બાતમીના આધારે ગુડ્સ ટ્રેન પ્રોજેકટના રેલ્વેના પાટામાં વાપરવામાં આવતી ટર્નઆઉટ પ્લેટની ચોરી કરેલ મુદ્દામાલ રહાડપોર ખાતે ભંગારની દુકાનમાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો. ભંગારના દુકાનદારે આ મુદ્દામાલ ભરૂચ તાલુકાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં સમાવેશ પામતા દહેગામ વિસ્તારમાં ચાલતા ગુડ્સ ટ્રેન પ્રોજેકટની સાઈટ પરથી આરોપીઓએ ત્યાંના સિકયુરીટી ગાર્ડ સાથે મળી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. એસઓજી પોલીસે મુદ્દામાલ રીકવર કરી આરોપીઓને વધુ તપાસ અર્થે ભરૂચ સીટી પોલીસ એ.ડીવીઝનને સુપ્રત કરેલ છે.

આ બનાવમાં ઝડપાયેલ આરોપીઓમાં મહમદ સઈદ જમાલુદીન રાય, રહે.અજીમ નગર,રહાડપોર, રફીક શરીફ હસન રાય, રહે.નંદેલાવ ગામ સામે, ભરૂચ, ધર્મેશ કાંતિભાઈ સોલંકી,રહે.હરીઓમ સોસાયટી, નંદેલાવની અટક કરવામા આવેલ છે.

ત્રણ આરોપીઓ પાસેથી લોખંડની ટર્નઆઉટ પ્લેટ નંગ ૯ કિંમત રૂા.૩૬૦૦૦ રીકવર કરવામાં આવેલ છે. આ કામગીરીમાં એસઓજીના પીઆઈ એ.આઈ.ચૌધરી તેમજ પીએસઆઈ આર. એલ.ખટાણા અને તેમની ટીમે મહત્વની કામગીરી કરી હતી.

**DATE: 07/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ખરોડની અંજુમન સાર્વ. હાઈસ્કૂલમાં કાર્યક્રમ

ભરૂચ: એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ ભરૂચ જિલ્લા જન જાગૃતિ કાર્યક્રમ ધી ખરોડ અંજુમન સાર્વજનિક હાઈસ્કૂલ ખરોડના પરિસરમાં યોજાયો હતો. જે અંતર્ગત અજાણી વ્યક્તિ પીછો કરે, છેડતી કરે કે હેરાનગતિ કરે વાલીઓ કે પોલીસને તાત્કાલિક જાણ કરવા સહિતની સાવચેતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં બાળરક્ષણ તેમજ સલામતી અંગેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

**DATE: 09/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ એલસીબીએ ગુડ્સ ટ્રેન પ્રોજેક્ટના કેબલ વાયરો જપ્ત કર્યા

# ખાલપીયાની સીમમાં 3.36 લાખના કેબલ બિનવારસી હાલતમાં મળ્યાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાનાં ખાલપીયા ગામની સીમમાં શેરડી ના ખેતર માંથી ભરૂચ એલસીબી પોલીસે બિનવારસી હાલતમાં ગુડ્સ ટ્રેન પ્રોજેક્ટ માં વપરાતા રૂ.3.36 લાખ ના ડી પી ડબ્લ્યુ એસ કેબલ વાયર ની જથ્થો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગ માં હતા તે દરમ્યાન અંકલેશ્વર ના ખાલપીયા ગામ પાસે ગુડ્સ ટ્રેન પ્રોજેક્ટ નું કામ ચાલી રહ્યું છે જે કામગીરી માં વપરાતા ડી પી ડબ્લ્યુ એસ કેબલ વાયર ને તસ્કરો એ કટર વડે કાપીને ચોરી કરી ખાલપીયા ગામની સીમમાં શેરડી ના ખેતર માં .સંતાડી રાખ્યો હોવાની માહિતી મળી હતી જે માહિતી ના આધારે એલસીબી પોલીસે તપાસ કરતા શેરડી ના ખેતર માંથી કેબલ વાયર નો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો પોલીસે રૂપિયા 3.36 લાખનો 480 કિલોગ્રામ ડીપી ડબલ્યુએસ કેબલ વાયર નો જથ્થો કબ્જે કરી આ અંગે અંકલેશ્વર રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી રૂરલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે .

**DATE: 09/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ગડખોલ પાસે જુગાર રમતાં 5 જુગારી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ નો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન ગડખોલ પાટિયા પાસે જુગાર રમાય રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા જુગાર રમતા શંકર સોમા વાળંદ ,ચંદ્રકાન્ત મોહનલાલ પંચોલી ,પરેશ વાળંદ ,તેજસ પ્રવીણ રાણા ,અને સુરેશ દશરથ સોની ને ઝડપી પાડયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 09/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### લાઈટના અજવાળે જુગાર રમાતો હતો

# જંબુસર તાલુકાનાં પીલુદ્રા ગામેથી ૧ ૨ જુગારી ઝડપાયા

। જંબુસર ।

જંબુસર તાલુકાના પીલુદરા ગાંમે આવેલ વાણીયા તલાવડી વિસ્તારમાં આવેલ પુનમભાઈ પ્રતાપભાઈ રાઠોડ ના રહેણાંક મકાનની બાજુમાં ખુલ્લી જગ્યામાં લાઈટના અજવાળે ગામના કેટલાક જુગારીઓ પત્તા પાનાનો જુગાર રમતા હતા. જેથી વેડચ પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેકટર ડી.એ.તુવર તથા સ્ટાફે છાપો મારતાં ૧૨ જુગારીઓ મુદ્દામાલ સાથે વેડચ પોલીસનાં હાથે ઝડપાઈ ગયા હતા. જેમાં (૧) સુરેશભાઈ ધુળાભાઈ પરમાર (૨) વિવેકભાઈ રામસંગભાઇ સોલંકી (૩) અર્જુનભાઈ વાસુભાઈ પઢિયાર (૪) મેહુલ કુમાર મહેન્દ્રભાઈ પરમાર (૫) અનિલ ઉર્ફે પકો ઠાકોરભાઈ પઢિયાર (૬) પુનમભાઈ પ્રતાપભાઈ રાઠોડ (૭) કિશનસિંહ બળવંતસિંહ રાઠોડ (૮) યોગેશભાઈ ગણપતભાઈ રાઠોડ (૯) પુનમભાઈ ઉર્ફે રણજીત જેસંગભાઈ પરમાર (૧૦) જયેશભાઈ ગણેશભાઈ સોલંકી (૧૧) ચેતનભાઈ નારસંગભાઈ પઢિયાર (૧૨) જયપાલસિંહ ઉર્ફે ગલો ફતેસંગ પરમાર વિગેરે ઝડપાઈ ગયા હતા તેમની પાસેથી અંગ ઝડતીનાં રોકડા રૂપિયા ૧૭૯૪૦ તથા દાવ ઉપરના રોકડા રૂપિયા ૧૦૨૦૦ મળી કુલ રૂપિયા ૨૮૧૪૦ ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. વેડચ પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 09/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

હનીફ ઉર્ફે અન્નુ ઈન્દોર જતા પિસ્તોલ હથિયાર આપીને ગયો

# ભરૂચના લિસ્ટેડ બૂટલેગરના બે સાગરિતો પાસેથી પિસ્તોલ ઝડપાઈ

## વિશાલ ઉર્ફે હોઠ ફાટલા સામે પ્રોહિબિશનના ૨૭ કેસ નોંધાયા છે

। ભરૂચ ।

ભરૂચના લીસ્ટેડ બૂટલેગરના બે સાગરિતો પાસેથી પિસ્તોલ અને એક જીવતા કાર્ટિજ સાથે ઝડપી પડ્યા હતા.

આ અંગે એલસીબી પીઆઈ ઉત્સવ બારોટ અને તેમનની ટીમ પેટ્રોલીંગ કરતી એલસીબી ટીમના પોસઈ પી.એમ.વાળાને ચોક્કસ માહિતી મળી હતી કે, ભરૂચનો પોહીબીશનનો લિસ્ટેડ બુટલેગર હનીફ ઉર્ફે અન્નુ દિવાન બહાર ગયેલો હોય તેના કબજાનું ગેરકાયદેર હથિયાર તેના સાગરિતો વિશાલ ઉર્ફે હોઠ ફાટલો ઠાકોર પરમાર, રહે.કસક, ભરૂચ અને મુનાફ અબ્દુલ રહેમાન સૈયદ રહે.પોળીકુઈ, ભરૂચને આપી ગયેલ છે. આવી બાતમીના આધારે એલસીબીએ બંન્ને સાગરિતોને ભરૂચ રોટરી કલબ પાછળ આવેલ ગલ્લા પાસે સિલ્વર કલરની એકટીવા સાથે ઝડપી પાડયા હતા. તેઓની તપાસ કરતા અને એકટીવાની પણ તપાસ કરતા ડીકીમાંથી બિનઅધિકૃત દેશી હાથ બનાવટની પિસ્તોલ તથા ૧ જીવતો કાર્ટીઝ મળી આવ્યો હતો. બંન્ને આરોપીઓને ગેરકાયદેસર હથિયાર રાખવા અંગે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપીઓએ જણાવેલ હતુ કે, તેઓ હનીફ ઉર્ફે અન્નુ સાથે કામ કરે છે હાલ હનીફ ઈન્દોર ગયેલ હોય તેની પાસેનું હથિયાર સાચવવા માટે આપી ગયેલ છે. આ પકડાયેલ આરોપી પૈકી વિશાલ ઉર્ફે હોઠ ફાટલો



ભરૂચ સી.ડીવીઝન પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનામાં વોન્ટેડ હોવાની હકીકત જાણવા મળેલ છે.આરોપી વિશાલ ઉર્ફે હોઠ ફાટલા સામે પ્રોહિબીશનના ૨૭ કેસ નોંધાયા છે.

**DATE: 09/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### શોભાયાત્રામાં ૬૫ વિવિધ સમાજ અને ધાર્મિક સંસ્થાઓ જોડાઈ

# અંકલેશ્વર GIDCમાં જન્માષ્ટમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ

## ૩૮ રથ વિવિધ ટેબલો સાથે વ્યસન મુક્તિનો સંદેશો આપ્યો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા જીઆઈડીસી માં જન્માષ્ટમી નિમિત્તે ૯ મી ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું હતું આ શોભાયાત્રા ૬૫ જેટલા વિવિધ સમાજ અને ધાર્મિક સંસ્થાઓ જોડાય હતી અને ૩૮ રથ માં વિવિધ ટેબલો સાથે વ્યસન મુક્તિ,સમાજ નો સંદેશ પાઠવ્યો હતો. આ શોભાયાત્રા દરમ્યાન સમગ્ર જીઆઈડીસી કૃષ્ણમય બની ગઈ હતી.

સરદાર ભવન ખાતે સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ અને વિવિધ સમાજના આગેવાનો અને અંકલેશ્વર ના ડીવાયએસપી ચિરાગ દેસાઈ સહીતના આગેવાનો શોભાયાત્રા નું પ્રસ્થાન કરાવ્યું હતું જેમાં કૃષ્ણ ભગવાન નો સૌથી મોટા ઝૂલા એ આકર્ષણ જમાવ્યું હતું.

## જંબુસરમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી

જંબુસર : જંબુસર શહેરના રામજી મંદિર, વૈષ્ણવ મંદિર,મુરલીધર મંદિર, કૃષ્ણ મંદિર,સાઈ મંદિર,સ્વામિનારાયણ મંદિર, મઢી સહિતના મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ઠેરઠેર મહા આરતી શોભાયાત્રા ભજન કીર્તન રાસ ગરબા થકી ભક્તિ રસમાં જુમી ઉઠી હતી.

## દેડિયાપાડા -સાગબારા જન્માષ્ટમીની ઉજવણી

દેડિયાપાડા :દેડિયાપાડા મહાબળેશ્વર મહાદેવ મંદિર પાસે શ્રી. કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મટકી ફોડવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. સેલંબા ખાતે પણ કૃષ્ણ જન્માષ્ટમીની ભક્તિ ભાવથી ઉજવણી કરાઇ હતી.

**DATE: 09/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### સમસ્ત ભોઈ સમાજ તેમજ અન્ય સમાજ દ્વારા નગરની ઓળખસમાં છડીનોમ પર્વ ઉજવાયું

# ભરૂચમાં ગોકુળ આઠમ અને છડીનોમ પર્વની ઉજવણી

**ઉત્સવ** મેળામાં હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઊમટી પડ્યું : વરસાદે પધરામણી કરતા ભકતો રાજીના રેડ થઈ ગયા

| ભરૂચ |

ભરૂચ પંથકમાં ખુબ ભવ્યતા અને આનંદ સાથે ગોકુળ આઠમ તેમજ છડીનોમનો પર્વ ઉજવવામાં આવ્યો હતો. ધીમે ધીમે ભરૂચ જિલ્લામાંથી મંદી અને મોંઘવારીની અસર ઓછી થતી હોય તેમ લોકોએ ધાર્મિક તહેવારોની ઉજવણીમાં કોઈ કસર બાકી રાખી ન હતી. જન્માષ્ટમીની વહેલી સવારથી જ ભરૂચ જિલ્લામાં અનેરો ઉત્સાહ અને ઉમંગ જણાય રહ્યો હતો. જેમ જેમ દિવસ પસાર થતો હતો તેમ તેમ કાના ના જન્મ પસંગને ઉજવવા માટે લોકોમાં અનોખો થનગનાટ જોવા મળી રહ્યો હતો.

સાથે જ સમીસાંજથી ભરૂચ પંથકમાં આયોજીત મેળામાં માનવ મેદની એકઠી થવાની શરૂઆત થઈ હતી. ગોકુળ આઠમના આ ઉત્સવ સાથે મેઘરાજાનો ઉત્સવ પણ ઉજવાય રહ્યો છે ત્યારે મેઘરાજાના અનેરા શણગાર અને વાઘાના પગલે તેમનો દેખાવ ખુબ આકર્ષક જણાય રહ્યો હતો. સમસ્ત ભોઈ સમાજ દ્વારા છડી પર્વની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ હતી ત્યારે ભરૂચના જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ છડીની પૂજા કરી હતી. તેમની સાથે ભાજપાના આગેવાનો મારૂતિસિંહ અટોદરીયા, દિવ્યેશ પટેલ વગેરેએ પણ છડીનું પૂજન કર્યું હતુ. ગોકુળ આઠમના મેળો માત્ર ભરૂચમા આયોજીત થઈ રહ્યો છે ત્યારે ભરૂચ પંથકમાં સમગ્ર રાજયમાંથી લોકો ઉમટી પડયા હતા જેમણે મેઘરાજાના દર્શન કર્યાં હતા. મેઘરાજાના દર્શન બાદ મેળામાં મહાલતા લોકોએ અદ્દભુત દ્રશ્ય ખડુ કર્યું હતુ.

ઉત્સવના આ માહોલમાં મેઘરાજાની અસીમ કૃપા જણાતી હોય તેમ છેલ્લા આશરે ૨૫ દિવસ કરતા વધુ દિવસોથી રોકાય રહેલ વરસાદે પધરામણી કરતા ભકતો રાજીના રેડ થઈ ગયા હતા. રાત્રિના ૧૨ ના ટકોરે કાનાના જન્મ સમયે મંદિરમાં ઝૂલામાં નટખટને ઝૂલાવવામાં આવ્યો હતો સાથે જ હાથી ઘોડા પાલકી જય કનૈયાલાલકી ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠયુ હતુ. ભકતોએ પંજરીનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. ધીમે ધીમે એમ લાગી રહ્યુ છે કે, કોરોના બાદ ભરૂચ જિલ્લાના લોકો મંદી અને મોંઘવારીની અસરમાંથી બહાર આવી રહ્યા છે.



ભરૂચ ખાતે ગોકુળ આઠમ અને છડીનોમ પર્વની ઉજવણીમાં ભાવિકભક્તો ઉમટી પડ્યા હતા.

## મેઘરાજાએ ૫૫ દિવસ સુધી ભકતોનું આતિથ્ય માણ્યું

અધિક શ્રાવણ માસ અને શ્રાવણ માસનો યોગ સધાતા આ વરસે મેઘરાજાએ ૫૫ દિવસ સુધી ભકતોનું આતિથ્ય માણ્યુ હતુ. લાંબા દિવસો મેઘરાજા ભકતો વચ્ચે રોકાયા હોવા છતાં લગભગ દરરોજ ખુબ મોટી સંખ્યામા લોકો અને ખાસ કરીને બાળકો મેઘરાજાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. હવે દશમના દિવસે મેઘરાજા ભરૂચની નગરચર્યા બાદ વિસર્જન કરી છડી પર્વનો પણ વિરામ થશે.

## આજે છડીનોમનો ઉત્સવ ઉજવાયો

ભરૂચ નગરની ઓળખસમા છડીનોમ પર્વની ઉજવણી આજરોજ સમસ્ત ભોઈ સમાજ તેમજ અન્ય સમાજ દ્વારા કરવામા આવી હતી. ભરૂચ પંથકમાં ત્રણ સ્થાનકો ખાતેથી આજરોજ છડીનો પ્રારંભ થયો હતો. યુવાનોએ ખુબ ખંત અને ઉમંગ સાથે છડી ઝુલાવી હતી. ભરૂચના વેજલપુર ખારવા માછી સમાજ, વાલ્મિક સમાજ તેમજ ભોઈસમાજ દ્વારા છડીયાત્રાનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

**DATE: 09/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

# ઝઘડિયાના લિમોદરા ગામે જુગાર રમતા ૪ શખ્સ ઝડપાયા

ઝઘડિયા,તા.૮

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના લિમોદરા ગામેથી પોલીસે જુગાર રમતા ચાર શખ્સને ઝડપી લીધા હતા.

ઝઘડિયા પોલીસનો સ્ટાફ ગઈકાલે પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન લિમોદરા ગામે સુકવણા ફળિયામાં રહેતા રમણભાઈ ચતુરભાઈ વસાવાના ઘરની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળતાં પોલીસે ત્યાં જઈ રેડ પાડતાં ચાર શખ્સો (૧) પંકજ રામાભાઈ પટેલ (હાલ રહે.લિમોદરા તા. ઝઘડિયા અને મુળ રહે.રાંધેજા જિ. ગાંધીનગર) (૨) ચેતન કનુભાઈ પાટણવાડીયા (રહે. લિમોદરા) (૩) છત્રસીંગ સરાધભાઈ વસાવા (રહે. લિમોદરા) (૪) અલ્પેશ અશોકભાઈ વસાવા (હાલ રહે. લિમોદરા અને મુળ રહે. કોલિયાદ તા. કરજણ)ને ઝડપી લઈ તેમની પાસેથી રોકડા રુપિયા તેમજ મોબાઈલ નંગ ૩ મળી કુલ રૂ. ૨૧૭૭૦ ના મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 10/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# મેઘરાજાને વિદાય આપવા ભક્તોનું ઘોડાપૂર

## ભોઇવાડથી મેઘરાજાની પ્રતિમાની શોભાયાત્રા ભારે ધામધૂમથી નીકળી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં ભોઇ સમાજ દ્વારા ઉજવાતાં પરંપરાગત મેઘરાજા મહોત્સવનું શનિવારે સમાપન થયું હતું. જોકે આ વર્ષે અધિક મહિનો હોઇ મેઘરાજાએ બે મહિના આતિથ્ય માણ્યું હતું. સોનેરી મહેલના ધોળારાવ મંદિરના પટાંગણમાં બે છડીઓના મિલન બાદ મેઘરાજાની પ્રતિમાનું વિસર્જન કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી. ભોઇવાડ ખાતેથી વાજતે ગાજતે મેઘરાજાની શોભાયાત્રા નીકળ્યાં બાદ પ્રતિમાનું નર્મદા નદીના જળમાં વિસર્જન કરાયું હતું. શહેરના સોનેરી મહેલ ખાતે ભોઇ સમાજ દ્વારા પરંપરાગત મેઘરાજા મહોત્સવની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી. સાતમના દિવસથી ભોઇવાડ ખાતે મેઘરાજાની પ્રતિમાને શ્રદ્ધાળુઓના દર્શન માટે ખુલ્લી મુકવામાં આવી હતી. રાજ્યભરમાંથી આવેલાં લાખો શ્રદ્ધાળુઓ મેઘરાજાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

ભરૂચમાં શહેરમાં દર વર્ષે શ્રાવણ માસમાં મેઘરાજા તેમજ છડી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે જેનો હજારો શ્રદ્ધાળુઓ લ્હાવો લેતાં હોય છે. શહેરમાં વસતાં ભોઇ, ખારવા તથા વાલ્મિકી સમાજ દ્વારા છડી નચાવી તેમની કલા અને સંસ્કૃતિને ધબકતી રાખવામાં આવી છે. સોનેરી મહેલના ધોળારાવ મંદિરના પટાંગણમાં મંગળવારે બે છડીઓનું મિલન થયું હતું. વાંસના લાકડામાંથી તૈયાર કરાયેલી છડીઓને સમાજના યુવાનોએ નચાવી હતી. બે છડીઓના મિલન બાદ મેઘરાજાના વિદાયની ઘડી આવી પહોંચી હતી. ભોઇવાડ ખાતે સ્થાપિત મેઘરાજાની પ્રતિમાને શણગારેલાં વાહનમાં નગરચર્યા માટે લઇ જવામાં આવી હતી ત્યારે સોનેરી મહેલ તથા અન્ય વિસ્તારોમાં એકત્ર થયેલાં હજારો શ્રદ્ધાળુઓ મેઘરાજાના દર્શન કરી તેમના શુભાશિષ મેળવ્યાં હતાં. ભોઇવાડ ખાતેથી નીકળેલી મેઘરાજની શોભાયાત્રામાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થયાં હતાં. જે બાદ પ્રતિમાનું પુણ્ય સલિલા મા નર્મદાના જળમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.



ભરૂચમાં 250 વર્ષથી યોજાતા મેઘરાજાના ભાતીગળ મેળામાં અત્યાર સુધીમાં લાખોની સંખ્યામાં લોકો મહાલ્યાં હતાં. ત્યારે શનિવારે દશમના દિવસે મેઘરાજાની પ્રતિમાને ઢીંગના તાલે દબદબાભેર શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં કેવે કેયુ ઉડાયું હતું. બીજી તરફ પોલીસતંત્ર દ્વારા પણ મેળામાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતો બંદોબસ્ત ખડક્યો હતો.

### કસકના બદલે કુકરવાડા ખાતે વિસર્જન

ભરૂચમાં મેઘરાજાની પ્રતિમાની ઢીંગના તાલે લોકોના ભારે ઉત્સાહ વચ્ચે શોભાયાત્રા કાઢ્યાં બાદ સામાન્યત: ભરૂચના કસક વિસ્તારમાં આવેલાં રોકડિયા હનુમાન મંદિર પાસે નર્મદા નદીમાં પ્રતિમાને વિસર્જિત કરવામાં આવે છે. જોકે, આ વર્ષે નદીમાં પાણીની ઘટ હોવાને કારણે સમાજના આગેવાનોએ પ્રતિમાને કુકરવાડા ખાતે નર્મદા નદીમાં વિસર્જન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

**DATE: 10/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**



# સારોદ ગામે બેટરી ચોરનાર બે ઝડપાયા

**જંબુસર** । જંબુસર તાલુકાના સારોદ ગામે બી એસ એન એલ ટેલિફોન એંક્સચેન્જમાં 28મી ઓગસ્ટે ટેલિફોન ઓફિસનું તાળું તોડી ઓફિસમાં રાખેલ અલગ અલગ કંપનીનાં બેટરી રૂપિયા 18હજાર ના મુદ્દામાલની ચોરી થઈ હતી. ઉપરોક્ત બાબત અંગેની ફરિયાદ ટેલિફોન એક્સચેન્જના કર્મચારી ઉમેશ ગામીતે વેડચ પોલીસને કરતાં પોલીસે શંકાના આધારે મોહસીન ઉર્ફે સિલક્ત સલીમ પટેલ ( રહે - ઈખર ) તેમજ મકબુલ ઉર્ફે ગલુડ અબ્દુલ પટેલ રહે - આમોદ નાઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

**DATE: 10/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# ભરૂચની પ્રજા ફરિયાદો માટે સપ્તાહમાં બે દિવસ IG ને મળી શકશે

ભરૂચ :ભરૂચ જિલ્લાની પ્રજાનાં પોલીસ વિભાગ સંબંધિત ફરિયાદોને સ્થાનિક કક્ષાએ ન્યાય ન મળતો હોય તેવી ફરિયાદોને લઈ હવે ફરિયાદી વડોદરા રેંન્જ આઈ.જી.ને રૂબરૂ મળી શકે છે. વડોદરા રેંજ આઈ.જી. સંદિપસિંગ સોમવાર અને મંગળવારે ફરિયાદીઓને મળશે અને તેમની ફરિયાદોનું ઝડપથી નિરાકરણ લવાશે પોલીસ સ્ટેશનોમાં ફરિયાદ કરતા ફરિયાદીઓને ઝડપથી વિભાગ દ્વારા ન્યાય મળે તે માટે વડોદરા રેંજ આઈ.જી.એ નવતર પ્રયોગ અપનાવ્યો છે.